સતી સુંદરબા નાટકનાં ગાયનો.

વાંકાનેર "આર્યહિત વર્ધક" નાટક કંપનીને માટે
છપાવી પ્રસિધ્ધ કરનાર.

રાવલ. ત્રંબકલાલ દેવશંકર
તથા
ત્રવાડી. ત્રંબકલાલ રામચંદ્ર,
વાંકાનેર આ૦ હિ૦ વ૦ નાટક કંપનીના માલેકો.

આવૃતી પહેલી પ્રત ૧૦૦૦

સુરત.

દેશી મિત્ર પ્રેસમાં કાશીદાસ ભગવાનદાસે છાપ્યું.

સંવત ૧૯૫૫ સને ૧૮૯૯

કીમત બે આના.

સતી સુંદરબા નાટકનો ટુંક સાર.

અંક ૧લો.

પ્રવેશ ૧ લો—નાંદી થઈ રહ્યા પછી. સુત્રધાર અને નટી સતી સુંદરબાના નાટકનું પ્રયોજન સિદ્ધ કરે છે.

પ્રવેશ ૨—સૂરાવતીનો રાજા સુરસિંહ તથા તેનો ભાઇ કેશરીસિંહ શિકારે નીકળેલ તે ત્યાં એક સિંહને મારતાં અચાનક જોગી પ્રગટ થઈ તેને આશિર્વચન આપી પુત્ર પ્રાપ્ત થાય એવું એક પ્રતાપી ફળ આપી અંતરધ્યાન થાય છે અને બુધીવંત પ્રધાનની સલાહથી કેશરીસિંહ એ ફળ પોતાના મોટાભાઇની રાણીને આપવાનું નકી કરે છે તેવામાં નીમકહરામ ભીમજી એ ફળ પોતાની સ્ત્રી અને સૂરસિંહની રખાત કેશરને આપવા નિશ્ચય કરે છે.

પ્રવેશ ૩ જો—નીમકહરામ ભીમજીનો ખેડુ લોકો પર થતો જુલ્મ અને નીમકહલાલ ગઢવીની વફાદારી.

પ્રવેશ ૪ થો—બુધિવંત અને કેશરીસિંહનો મેલાપ. ભીમજીને રાજ્યમાં રાખવાથી પશ્ચાતાપ અને દૈવીફળ કુઠેકાણે (કેશરને ત્યાં) જશે એવી ગઢવી તરફથી ખબર મળતાં એ ફળ બદલી બીજું ફળ આપવાની ગોઠવણુ.

પ્રવેશ ૫મો—સૂરસિંહનો દરબાર. ભીમજીનો રાજ્યમાં ખટપટ કરવાનો પ્રપંચી દોર, કેશરીસિંહ અને પ્રધાનની ગોઠવણુથી ફળનું બદલવું, રાજાનું બેશુધચિતે ભીમજીને ઘેર જવું તથા નેહનગના રાજા નરસિંહજીનો (સુરસિંહનો મિત્ર) ભીમ

જી અને કેશરને રાજ્યમાં ન રાખવા તે સંબંધી પત્ર લઇ જાસુસનું આવવું ને પ્રધાન તરફથી યોગ્ય રીતે જવાબ ને નીમકહરામ ભીમજીની બદસલાહથી રાજાના નીમકહલાલ માણુસોનું થતું અપમાન.

પ્રવેશ ૬ઠો--પ્રપંચી કેશર તથા દુષ્ટ ભીમજી. રાજાને ભરમાવીને યુકિતથી ફળનું લેવું અને સુરસિંહની પવીત્ર પતિવૃતા નવિ રાણી સુંદરબા તથા તેના ભાઇ (રાજાના) કેશરીસિંહ ઉપર ખોટો આરોપ મુકવાની થતી તૈયારી.

પ્રવેશ ૭મો--રાણી સુંદરબાની નીતી યુકત વર્તણુક. (ગરબો) રાજાની પોતા પર અકૃપા છે અને કેશરને (ભીમજીની સ્ત્રી.) પટરાણી બનાવી છે ને પોતાના માન ઓછાં થયાં છે તેથી કેશરબાને વીનંતી ભરેલો પત્ર તથા એક હારની ભેટ મોકલે છે અને કેશરીસિંહ તથા બુધિવંતની ભલામણથી તે ચમત્કારી ફળનું જમવું ને તેથી રહેતો ગર્ભ.

પ્રવેશ ૮મો--બુદ્ધિવંત પ્રધાનનું ઘર. તેની પવિત્ર સ્ત્રી સુરતી ઉપર નીચ ભીમજીનું બદ ધાનતથી શીઅળ ભંગ કરવા આવવું ને નીમકહલાલ પટેલની મદદથી તેનો બચાવ તથા ભીમજીનું નાક કપાય છે અને બુધીવંત તરફથી પટેલને મળતી શાબાસી ને રાજમાં એવા નીચ માણુસો દાખલ થવાથી આવા આવા બનાવો બને છે તે સંબંધી થતો અફસોસ.

પ્રવેશ ૯મો—કેશરનું રાણી તથા કેશરીસિંહપર કાવતરૂં. નવી રાણી સુંદરબા સાથે રાજાનો નાનો ભાઇ કેશરીસિંહ ચાહે છે એવો રાજાને બતાવેલો પ્રપંચ અને તેની ખાત્રી કરવા ભીમજી રાજાને કેશરી પાસે લઇ જાય છે.

પ્રવેશ ૧૦ મો—કેશરીસિંહને દેહાંત દંડની શિક્ષા. નીમકહરામ ભીમજીના કાવતરાંથી કેશરીસિંહપર ખોટો કલંકનો કાળો ડાઘ બેસે છે અને તેથી સુરસિંહ ગુસે થઇ તેને દેહાંત દંડની શિક્ષા આપવા મારાઓ પાસે મોકલાવી આપે છે. આવો હુકમ સાંભળતાં નીમકહલાલ ગઢવીનું લોહી ઉકળી જતાં પ્રધાનને ઘેર એ ખબર દેવા દોડી જાય છે.

પ્રવેશ ૧૧ મો—બુધીવંત પ્રધાનનું ઘર. ગઢવીના કેવાથી કેશરીસિંહને દેહાંત દંડની સજા થશે એવું સમજાયા થી પ્રધાનની સ્ત્રી (સુરતી) ની સ્વામી પ્રત્યે નીમકહલાલ પણે વર્તવા અને પોતાના એના પ્રાણ આપવા સુધીની મદદની તૈયારી ને સાથે ગઢવીનું જવું.

પ્રવેશ ૧૨ મો—કેશરીસિંહને ગરદન મારવાને થતી તૈયારી બુધીવંત અને ગઢવીનું આવી પહોચવું ને મારાઓ તથા સીપાઇઓને લાંચ આપી કેશરીસિંહને છોડાવવું ને કેશરીસિંહ પ્રધાન તથા ગઢવીનો ઉપકાર માની દેશવટે ચાલ્યો જાય છે.

અંક ૨ જો

પ્રવેશ ૧લો—નેહ નગરમાં નરસિંહજીનો દરબાર. (સુરસિંહજીનો મિત્ર.) તેણે સુરસિંહને સુધારવાને અને ભીમજી તથા કેશરને કાઢી મુકવા પત્ર લખી સુચના આપેલ પણ તેનો જવાબ સુરસિંહે ખોટો આપવાથી તેના રાજપર ચડાઇ લઇ જવાની નરસિંહજીની તૈયારી..

પ્રવેશ ૨જો—સુંદરબાને બાર માસ થયાં પુત્ર પ્રસવન થયાનું કારણ કાંઇ ન સમજ્યાથી કાશીએ જવાની તૈયારી અને બુધીવંત પ્રધાન તેમજ સુશીલા નામની દાસીને મ્હારાજાના હુકમથી સાથે જવું.

પ્રવેશ ૩ જો—જોગી મ્હારાજનુ આશ્રમમાં પોતાના શિષ્યોને જ્ઞાન ઉપદેશ કરે છે તેવામાં ત્યાંથી સુંદરબાનુ નીકળવું અને પ્રધાનના કેવાથી ગર્ભ પ્રસવ થતો નથી તેનું કારણ પુછતાં તમારા શત્રુએ તમારા ઉપર કરેલ કામણટુમણથી માટે તેને જોગી મ્હારાજે બતાવેલી યુકતી અને તેથી ગર્ભનુ પ્રસવ થવું.

પ્રવેશ ૪ થો—નીચ કેશરની દાસી દુર્બોધાના સાંભળવામાં કુંવર જન્મ્યાની ખબર સાંભળી કેશર પાસે જવું અને નરસિંહજી લશ્કર લઇ ચડી આવવાથી બુધીવંતનું પાછું ફરવું.

પ્રવેશ ૫ મો—કુટીલ કેશરના કામણ ટુમણથી દટાવેલ ઘડો બહાર નીકળવાથી ભુવાનું ગુસે થવું ને નરસિંહજી લશકર લઇ ચડી આવવાના ખબર મળતાં ભીમજી, સુરસિંહ, કેશર, દુર્બોધા વગેરેનું દ્રવ્ય લઇ નાશી જવાની તૈયારી ને પછી નરસિંહજી તપાસ કરે છે પણ સુરસિંહનો પતો ન મળવાથી તથા મીત્રનું સારૂં કરવા જતાં અવળું થયું જાણી અફસોસ અને પોતાને પેલા જોગી તરફથી મળેલ ખબરની ખાત્રી થવાથી સુરસિંહની ખોળ માટે જવું અને જો સુરસિંહ મળે તો ઠીક નહીં તો બદ્રીકાશ્રમમાં જઇ પોતાની જીંદગી પુરી કરવાનો વિચાર ને સુરસિંહનું રાજ બુધિવંત પ્રધાન તથા ગઢવીને સોંપવું.

પ્રવેશ ૬ ઠો—ગોલીટા શહેરમાં પટેલનો ઓરડો જેહા પટેલ ગોકળ આઠમના તહેવારને લીધે ભજન ગાઇ આનંદ કરે છે તેવામાં પાહેતા તરફથી સુરાવતીના માણસ સાથે આવી જાને તથા સુંદરબા પાસેના જંગલમાં આવી રહેલ છે તેથી તે પોતાના દીકરા ડોહલા તથા કચરાને મોકલે છે.

પ્રવેશ ૭ મો—સુંદરબા પોતાના કુંવર નવલુભા ને લઇ રૂદન કરે છે. એટલામાં કચરો તથા ડોહલો આવી પહોંચે છે એવામાં કનકાવતીનો રાજા ધીમંતસીંહ સીકારે નીકળે લ તેને પાસેના જંગલમાં મદદની બુમ સાંભળવાથી ત્યાં તેનું દોડી જવું.

પ્રવેશ ૮ મો—સુંદરબા ડોહલા તથા કચરા સાથે ગોલીટા તરફ આવવા નીકળે છે ત્યાં રસ્તામાં લુંટારા મળે છે તેમાં કચરાનું મરાવું અને સુંદરબા પોતાની યુકતીથી લુંટારાને ફસાવે છે ને ડોહલો નવલુભાને લઇ જતો રહે છે ને સુંદરબાનું પરાક્રમ જોઇ ધીમંતસિંહ પોતાની બેન તરીકે રાખી પોતાના રાજ્યમાં લઈ જાય છે એટલામાં એક ઝાડની ડાળીપર ઝોળીમાં એક કુમારીકાને જોઇ પોતાનું વાંઝીયા મેણું ટલ્યું એમ સમજી તેને લઇ જાય છે. (તે છોકરી નેહનગરના રાજા નરસિંહજીની હતી અને તે છોકરી જયારે જન્મી ત્યારે જોશીએ તેના જોશ જોઇને કહ્યું કે મહારાજ આ છોકરીનો વર જે થશે તે તમને મારશે તેથી તે છોકરીને જંગલમાં મારાઓ પાસે મારી નાંખવા મોકલે છે પણ મારાઓને દયા આવવાથી તે છોકરીને ન મારતાં ઝોળી માં રાખી ઝાડની ડાળ સાથે બાંધી ચાલ્યા જાય છે તેજ આ ધવલુબા.

પ્રવેશ ૯મો—સુરાવતીમાં બુધીવંત પ્રધાનનું ઘર. સુરસિંહજીના નાશી જવાના ખબર સાંભળી થતો પશ્ચાતાપ અને સુંદરબાના માણસ વીરજી તથા સુશીલા તરફથી બાઇનો પતો મળતો નથી એવા ખબર સાંભળવાથી પ્રધાનનું બેચીત (ગાંડા) થઇ જવું અને રાજ વીરજીને સોપી ગઢવી તથા સુશીલા મહા રાજા સુરસિંહની તથા સુંદરબાની તથા કેશરીસિંહની તપાસ કરવા નીકળે છે.

પ્રવેશ ૧૦મો—ગોલીટામાં જેહા પટેલનું ઘર. જેહા પટેલ તથા તેની સ્ત્રી પાંચીને પોતાનો છોકરા કચરાના મરણના ખબર સાંભળી તથા સુંદરબાને લાવ્યો નહીં તેથી ડોહલા પર ગુસે થવું અને કુંવર નવલુભાને ઉપાડી લાવવાથી થતો આનંદ ને તેને ઉછેરી મોટો કરવાની લીધેલી પ્રતિજ્ઞા તથા સુંદરબાને શોધી રાજનું સારૂં કરવાનો થતો વીચાર.

પ્રવેશ ૧૧મો. કેશરીસિહનું જંગલમાં નીકળવુ. સુંદરબાને કુંવર જન્મ્યો વગેરે ખબર સાંભળી થતો આનંદ તથા નરસિંહજીના ચડી આવવાથી ભાઈ ભાગી ગયા અને રાજની દુર્દશા સાંભળી થતો અફસોસ અને દેશાટણ કરવાની તથા બાઇની શોધ કરવાની લીધેલી પ્રતિજ્ઞા. એવામાં ભીમજી, કેશર, સુરસિંહ, દુર્બોધા વગેરેનું નીકળવું. રાજા પાસેથી તમામ દ્રવ્ય કેશર લઇ લે છે અને તેને ભીખારી બનાવી રસ્તે ચાલતો કરી મુકે છે. સુરસિંહના દુઃખની થતી સરૂઆત અને એ ચારે માણસોનો કનકાવતીમાં એક ભાડે ઘર લઇ રહેવાનો ઠરાવ.

પ્રવેશ ૧૨મો. કનકાવતીમાં સુંદરબાનું રહેવું. ત્યાં શ્રીમંતસિંહની કૃપાથી ધવલબાને મોટી કરવી અને પોતાના કું

વર નવલુભા સંબંધી અફસોસ કરે છે ત્યાં ધીમંતસિંહ આવી તેને શાંત કરે છે ને કહે છે કે જો તારો કુંવર નવલુભા મળશે તો હું તેને મારૂં રાજ સોંપી ગાદીએ બેસાડવાની પ્રતીજ્ઞા કરૂં છું.

અંક ત્રીજો.

પ્રવેશ ૧લો—ઓલીટામાં જેહા પટેલનું ઘર. સુંદરબાનો કુંવર નવલુભા બાર વર્ષની ઉમરનો થયો છે તે વખ્તે જેહા પટેલનો દીકરો ડોહલો કનકાવતી હટાણું કરવા જાય છે અને નવલુભાના આગ્રહથી સાથે તેને પણ તેડતો જાય છે.

પ્રવેશ ૨જો—નવલસિંહની ચતુરાઇ. શોકયના ખારને લીધે એક નીચ સ્ત્રી પોતાના શોકયના છોકરાને ઘોડાના પગમાં નાંખી દઇ ઘોડે સ્વારપર ખોટો આરોપ ચડાવી પોતે નિર્દોશ થતાં સ્વારને કેદ પકડાવી પોતે ફરિયાદ કરવા જાય છે ત્યાં નવલસિંહ સ્વારને બચાવાનો ઉપાય બતાવે છે તે દેખાવ રાજા ધીમંતસિંહ આવી જુવે છે.

પ્રવેશ ૩જો—ધીમંતસિંહના પિત્રાઇ ભાઇઓના કાવતરાં. દુષ્ટ ભીમજી કનકાવતીમાં આવી રહેલ છે તથા કુરસેન, દભસેનને કેશર તથા દુર્બોધા સોંપી સુરસિંહને આંધળો કરીને ધીમંતસિંહને ઝેર દેવાની તૈયારી અને તે દેખાવ કેશરીસિંહ છુપી રીતે જોઇ અફસોસ કરે છે તથા સુરસિંહને સુધારવા પ્રયત્ન કરે છે.

પ્રવેશ ૪થો—કનકાવતિમાં ધીમંતસિંહ મહારાજની

કચેરી. નવલસિંહની યુક્તિથી અભયસિંહ (પોલીસ્વાર)પર ચાલ તા કેસમાં થતો બચાવ તથા નીચ ચતુરાને થતી દેશનીકાલની સજા અને નવલસિંહની ચતુરાઇ જોઇ ધીમંતસિંહ તેને પોતાની પાસે રહેવા માગણી કરે છે પણ છેવટે તેનો આગ્રહ જોઇ તે તેની પાસે રહે છે અહીંથી નવલસિંહનો ભાગ્યોદય.

પ્રવેશ ૫મો—ગઢવી તથા સુશીલા જોગી વેષે પોતાના મ હારાજા સુરસિંહની શોધમાં નીકળેલ ત્યાં અચાનક કેશરીસિંહનો મેળાપ ને સુરસિંહની દીન દશાનું વર્ણન સાંભળી માલીકને બચા વવાને ગઢવીનો ઉભરાયેલ જુસો.

પ્રવેશ ૬ઠો—કનકાવતીમાં ભીમજીનું ઘર. ત્યાં ક્રુર રસેન તથા દંભસેનનું આવવું. કેશરને રાણી બનાવવાનો નિશ્ચય તથા સુરસિંહને મારી નાખવાનો થતો ઠરાવ ને તેમાંથી બચવા ગઢવી તથા કેશરીસિંહે સુરસિંહને બતાવેલ યુક્તિ.

પ્રવેશ ૭મો—ધવલબા ઉમર યોગ્ય થતાં પોતાની સખી ઓ સહીત વીનોદ કરે છે ત્યાં નવલસિંહની તસબીર જોઇ પવિ ત્ર મનની ધવલ નવલનાપર પ્રેમ પાસથી પીડાય છે તેવામાં નવ લસિંહને નીરખવા અટારીપર ચડી દાસીને તેના વીશેની હકીક ત જાણવા મોકલે છે નવલસિંહનો પણ તેનાપર થતો પવિત્ર પ્રેમ (આ વખ્તે નવલસિંહ શિકારે ગયેલ ત્યાં એક જોગીને બાણ મા રે છે તે જોગી રાજા નરસિંહજી જેને જોગી તરફનો શ્રાપ હતો કે તારી પુત્રીનો જે પતી થશે તેને હાથે તારૂં મૃત્યું થશે તેથીજ.)

પ્રવેશ ૮મો—ભીમજી તરફથી થતી અનીતીની અવ ધી. ધીમંતસિંહને મારી ક્રુરસેન તથા દંભસેનને રાજ અપાવી પોતાને દીવાન બનવું અને કેશરને રાણી બનાવવી પણ વચે સુ

રસિંહ નડે છે તેથી તેનું પણ કાટલું કાઢી નાખવા તૈયાર થાય છે. આ વખ્તે કેશરી તથા ગઢવી મદદ માટે ઊભા રહે છે ને આ બધી હકીકત સમજી રાજા ધીમંતસિંહને કેવી રીતે તે કહેવું તેનો નિશ્ચય દંભસેન તથા કુરસેન રાજ લોભને લીધે આપસમાં લડાઇ કરી કપાઇ મરે છે ને કુટીલ કેશર આ બધો આરોપ રાજા સુરસિંહ ઊપર નાખી પોલીસ પાસે પકડાવી સુરસિંહને ગેટે મોકલાવે છે ને કેશરી તથા ગઢવી જોગી વેશે સાક્ષી તરીક કોરટમાં જાય છે.

પ્રવેશ ૯મો—સુંદરબા, ધવલબા નવલસીંહના, વીયોગથી પીડાય છે અને આ ખબર સુંદરબાને થતાં તેનો નીતી યુકત બોધ અને પછી નવલસિંહ અને ધવલબાનો પ્રેમ યુકત વિનોદ.

પ્રવેશ ૧૦મો—ધીમંતસિંહનો દરબાર. કેશરી તથા ગઢવીની સાક્ષી તેમજ કુરસેન અને દંભસેનની કમરમાંથી મળેલા પુરાવાથી રાજા સુરસિંહનો થતો બચાવ અને ભીમજી તથા કેશર પર કેટલાંક ખુનો કરવાનો આરોપ. બંને ભાઇઓનો તથા ગઢવીનો થએલો ભેટો. સુરસિંહનો પશ્ચાતાપ. ધીમંતસિંહને મળેલ ભોજપત્રનો ખુલાસો ને તેનો ખરો જવાબ નવલસિંહ આપે છે તેથી તેને કનકાવતીનું મળતું રાજ ધીમંતસિંહ પોતાની બેન સુંદરબાને ચાંડલો કરવા બોલાવે છે ત્યાં નવલસિંહ, કેશરીસિંહ. સુરસિંહનો થતો ભેટો. જોગીનું આવવું. સતી સુંદરબાના સતીત્વથી સુરસિંહના કુટુંબનો ઉદય તથા આંખે દેખતા થવું તથા

નરસિંહજી જોગી રૂપે હતા તેનો મહાત્મા જોગી તરફથી થતો ખુલાસો.

પ્રવેશ ૧૧ મો--લગ્ન સમારંભ અને રાજ્યાભિષેક.

ઋતુમતીના ભીમજી તથા કુટિલ કેશરને શિક્ષા. સુરાવતિ, કનકાવતિ અને નેહનગર એ ત્રણે રાજ્યનો માલીક નવલસિંહ થાય છે. અને રાજ્ય તિલક કરી ધવલપ્રભા સાથે નવલસિંહના લગ્ન કરી આપે છે. આનંદની અવધી સાથે આ નાટક સંપુર્ણ થાય છે.



સતી સુંદરના નાટકનાં ગાયનો.

અંક ૧ લો.

૧

તું અલખ અજર અમર એક મેદની માંહી ભેદ વિષેશ.
નારદ શારદ નીગમ આગમ વરણુવે મુખ સહસ્ત્ર શેષ.
પણ ન પાર લે લવલેષ અકળ છતાં કળ ઉદ્દેશ
ભક્તને હિત ધારઇ વેષ કર કૃપાથી કારજ એશ.

૨

ભૂધર તું સંકટ હરતું સ્વામી.
સુરીનર રંજન દુરમતિ ગંજન,
દોષ વીભંજન બહુ નામી,
સ્થળ સ્થળ વ્યાપક ત્રિલોકી માપક. આનંદ દાતા,
પ્રણમું નેહે નિતનિત નામી.

૩

શી છાઇ છટા નભ માંહી. અહા.
ગ્રીષ્માગ્નિ ગઇ શુભ શાંતી થઇ;
ધરણીએ ધરી શીર તરણ જટા.
મોર તોરથી શોર કરે છે જોર કરે ઘન ઘોર ઘટા.
દાદુર દોડમ દોડ કરે છે જેમ ખેલે ખેલાડી પટા.
ચપળા ખળ પ્રીતી સમ ચમકે, વીરહી રીપુ કડેડાટકટા.

૪

હીમત ધરીને હણીને અરીને વિજય કરીને,
જગમાં ફરીને સન્મુખ મરીને ભવથી તરીને,
અસુર અરીને પ્રસન કરીને પુર્વજોને તારવાને,
સરવ અશ્વના મગ સુધારો નીજ સુરાતન,
આવરણીને પુરણ પ્રીતેથી કરમાં ધારો.

૫

નમું નમું ગુરૂ નરવરતા ખટ અરી દળતા ઉરમુદ ભરતા.
તાપ ત્રિ હરતા જગત વિચરતા.
જગ જંગમ છો તીરથ રાજ.
સાથે ધાર્યો સર્વ સમાજ મહીમા ગાતાં.
હરીહર વાણી મન સકોચાણી. આ, આ, આ,

૬

સરજનહારે જગદાધારે શુભ દીન આપ્યો આજ,
પૂત્ર પ્રસવશે અમૃત શ્રવશે ગ્રહ સુરસિંહ મહારાજ.
આનંદ અંગે સપૂત સંગે રમવા રંગે રહું ઉમંગે.
ધીરજ આપની ધારી થયા શ્રી સહાય મુરારી.
હા બંદા જો હશે પાસે શ્રી હરી સહાય તો થાશે.
જયજય જગમાં જામો મગમાં દિર્ધાયુ દયો ઇશ,
નિરોગી અંગે પરિજન સંગે રહે સુરસિંહ નરીશ.
આશિષ ફળશે—બેટા મળશે.
દુરિજન દળશે—મુજ મન બળશે.

૭

ચિંતા તસ્કર ચોરી કરીને માયા ધૈર્ય હરે ધટથી.
સુખ સુર આડું વિપત વાદળ ગણેશ્યો ગૃહી ખટપટથી.

ઘુવડ વાગડ છાપા છછુંદર બેરીને,
આપુ અતિ મુદમન સુચવતી વેરીને,
ચકવા ચકવી રૂપ સુજન સમાજને,
વીરહ વીપતિ આપી સારે નીજ કાજને,
હા–રી–બુ–દ્ધિ–મારી.

૮

શુભ કર્મે પ્રભુ સંગ રહેજો વેગે દેજો વિઘ્ન વિદારી,
મહીપતિ તારી દુર અવિચારી કરજો ધરજો વીનતી કાને;
પોતાના ગણી પ્રીતે પાળી આનંદે અર્ધાયુ ગાળી.
એને ટાળી અન્યને ભાળી બેઠા હ્યો ધરણીધર ધ્યાને.

૯

વીર વર મુદભર રાજતા અતિ રાજતા.
અતિ રાજતા, નિવાજતા, ગુણ ગાજતા, અરી દાઝતા;
તાજ તેજ દસ દિશ જગમગતું,
હરિ નુર ખળ ઉર ભય ભરે પૂર.
ધારીને ભીતીને તજી અનીતીને બાહુથી જીતીને.
પાળીને ક્ષીતીને શ્રુતિની રીતીને નીભાવતાએ,
નીતિ સતાએ મગજતાએ જશ પ્રતાપની
પાસ શશીરવી મલીન શીતળ લાગતા એ નીત ભાજતા.

૧૦

જાઓજી જાઓ જહાં જાગીઆએ રેન.
ભીનેનેન ભીનેનેન ભીનેનેન.
ખાયો નહીં પાન અધરપે લાલી પટમેં સુબાસ ડાલી.
બાજુ મેં રેખા કાલી શ્રેણી ધરી ધાગે બીના.

મનકા મીલાઓ ચોગના
રસબસ કીને રંગ ભીને વશકાને જીને.

૧૧

કરીયું કામ હરખે લાગ ધારી ડામ ઞરીને દીધા,
આખું ગામ આઠે જામ જપશે નામ કામણ કીધાં,
વજીરની નાર નૃપથી પ્યાર હોદ્દેદાર થઇ આવાર,
કરતાં પ્યાર તે નરનાર હૈયેહાર માની લીધાં
ક્ષત્રીમાજ ધારે તાજ પુરનો રાજ વશ છે આજ,
જામી લાજ આવ્યું પ્યાજ મારાં કાજ સર્વે સીધ્યાં.

૧૨

વાહ તરૂણી તરૂણ વયની હીરણ નયની.
કાફીલ બએની વાહ પીનસ્તની વાહ.
ગતી કરીણીની હરણ કરણી રતીથી પણ બમણી નમણી.
ફણી ધર સમવેણ નખશીખ નીરખતાં સુખદેણ,
નીરખી તૃપ્ત કીધાં નેણ.

૧૩

જાઉં વારી (૨) વાલા તુજ માથેરે રહું સદાય સ્નેહથી સાથે.
રાજા રૂડો પણ નહીં તુજ સરખો વહાલે વધારી લઉં બાથેરે.
જેહલો જોગીને માલી મકવાણી મેળવીઆયાં મારે નાથેરે.
ઓઢી પેરીને રાજાને રીઝાવું વળી રીઝાવું પાન કાથેરે ચુનોભેળી.
આઇ કીધામાં શું બગડી ગયું હથેવાળો મેળવેલ હાથે કેમ ટળે.

૧૪

સખી સ્નેહ સાથ સતી પંથ સંચરોજો.
જેથી જગમાં જશગાથે ગવાએજો.

સતી પાસ મુની માન મુકશેજો.
ભોગવતી સતી જેનો સ્વામી હતો સર્પ,
નીજ બળે નર કર્યા દીસે કંદર્પ.
સતી દ્રોપદીએ દુરવાસાને નોતર્યા જો,
કશા ભોજન વીણ તૃપ્ત કર્યા ત્યાંય જો.
શુદ્ધ સતી સાવીત્રી સત્યે ભરપુર
પતિ પ્રાણ રાખી કર્યા યમ દુત દુર.
સતી વૃંદાનું સત્ય લેતાં શ્રી હરીજો.
થઇ પથ્થરને પડયા મહી માંયજો.
અત્રીની અનસુયા સતીયોમાં શ્રેષ્ટ
વીધી હરી હર પુત્ર બની પડયા પેટ.
એવી સતીઓનાં સત્ય નીહાળીને જો.
પંથ પરવરોએ સહુને પડી પાયજો.

૧૫

રાજ લોભે સર્વ લોભ મહીં અહી સરદારી
વડા વીપતી વેરાને વસે વાસજો વિચારી.
રામ નીજ ધામ તજી સજી વલકલ રાન રઝળ્યા વીતાવી.
સુખે દુઃખે સહુ પલ કુંડાં કામ કરનારી બની નૃપનારી.
પાંડવ પુર્ણ પીડા શીર ધારી વનવન ભટકયા ભીખારી વેષ ધારી.
પરી જન વેરી વિષેશણ અધીકારી
નળ રાય કેરી જે કાણી કેવાણી રાજ લોભ માટે એમ લોક વેદ વાણી
રહેજે ચતુર ચેતીએ સહુ સંભારી,

૧૬

નટવર નમન કરું છું અરજ ઉરે ધરજો, કમલા કંથ કોડે કરુણા કરજો
આવા અવળા અવસરથી ઉગારીરે, આપો પુર પતીને મતી સારી.
રહેજો સાક્ષી સાગરજાના સ્વામીરે, નેહે બહુ નામી કહું શીર નામી.
ઉરે રાખજો અવીનાશી નામરે, નહીં હૈયેથી હારશો હામ.

રહ્યે રહેજો સદા ધીર ધારીરે, સહાય થાશે સત્વર શ્રી મોરારી.
દામોદરજી દાસીના દુઃખ દળજોરે, ભક્ત વત્સલતાને પંથ પળજો.

૧૭

હર હર ધર વીનતી ધ્યાન કરૂણા કર તું સ્વામી.
કરગરી કહું નીત ધરી પ્રીત શીશનામી;
સરવ જગનું કર તું સારૂં વંદી વંદી એ ઊચારૂં,
વામી દુઃખ સદય સુખ પામી.
અભરા ભરણુ કારણુ કરણુ તારણુ તરણુ શરણા શરણુ.
આનંદ કરી ઉમંગ ભરી સંકટ હરી દળીને અરી.
મમસ્વામીને દીધાર્યું હે.

૧૮

છટ લંપટ નફ્ટ હટ દુર તુજ કુળ થશે ધુળ.
વા સમુળ થયું જવાનું જરૂર.
વદને વિચારી વાણી ધર થશે ધુળ ધાણી.
પાઈ દે પ્રીતીનું પાણી લઇને લાખેણી લાણી.
ઠગારા ધુતારા હત્યારા પીંજારા.
ચુડા અખંડ ન રેવા દઉં હું તારા.
લઇ લે લુચ્ચા ફળ આ દઊં છું ઘટતું તુજને.
અરરર હાય હાય,

૧૯

બધ્યું કળી બળ ખળ સકળ મળી અનળ સમ થઇ
સરળને ઉર ઉપજાવે દાહ.
ધરમ કરમ ને શરમ છોડી નરમને દે દુઃખ દોડી.
ઉંચ કુળ અવતાર ધારી કરે દુરાચાર.
નીત પ્રતીપર નીંદામાં પ્યાર.
બળી હરે પલ પલ જીવ શરાસન જીભવચ સર ધારતા.
તે દુરી જન શીર સજ્જનને દઇ દુશણુ મેણા મારતા.

કો મીત્ર થાવા જાય મનમાં મેલ મુખ મીઠું વદે.
કો હીત માટે શીખ આપે આપ લ્યાં શ્રવણે નદે.

૨૦

મન ચકડોળે ચડીયું મારૂ આમાં શું હું ધારૂં.
સારૂં નરસું સ્યે વિચારૂ શાથી મનને વારૂ;
ખારૂં ખલક બધું થાશે જો આ વાતે વધું.

૨૧

આજ આનંદ અંગેરે ફુંચી કરે આવી ચડી.
કરીને ખટપટ વેરીને ઝટપટ આજ અટપટી આપું રે.
મનડું મારૂં વેગે ઠારૂં કલેશ સઘળાં કાપું.
નૃપતિ નમશે સંકટ સમશે ગમશે બીમજી ભોળોરે,
રાજા રાણી પારી પાણી ખાંતે પાથરી ખોળો.
ફુકકડ ફરશું ધાર્યું કરશું અકકડ રહેશું અંગેરે,
હું ને મારો સાથે પ્યારો બીમ હળી મળી સંગે

૨૨

વાહ કેવી કપટ ચતુરી કામની હું શું. હું—હા—હું હું.
વા રસીલા ભોળા ભૂપને ભમાવી ઢીમ ઢાળીશું,
જર ખેંચીનીજ ઘર ભરી પર પૈસા થકી દીવાળી કરી;
શાણાને શઠ બનાવી કરી ખટપટ અરી ઝટ દૂર કરી.
સુખકર દુઃખહર મુંજ મન મુદભર,
રસીલી છબીલી ચપળા હું;
બીમજી રાજાને કેશર રાણી, પરીજનો પોતા તણે વશ આણી,
ચાતુર સરીતા બની લે શું સહુ તાણી.
અરે વાહ વાહ, હા. હા.

૨૩

ચંદ આ કેશરી નભ વેરાન વિચરે.
નિશંક નીવાસી પુરવ ગીરી ગુફા

તીમીર ઉનમત મતંગ વીદારી શીશ,
મુકતા નક્ષત્ર અતિ વેરાણું વાહ વાહ.
તે મોતી કેરા રજની શણુગાર સજી.
અનુપમ સુંદરી શી શોભતી શ્યામની.
અલોકીક આ પ્રભુ રચનાર રચના.
હરો નૃપતિની કુમતિ સ્વામી.

૨૪

જનનીથી વ્યભીચારના કરનારરે જો નફ્ટ તું હક,
માતાં તુલ્ય ભાભી સાથે પ્રીતે બીડી બેઠો બાથ.
હરામી હવે તું હાથ આવ્યો છેદું તારૂં માથ;
હત્યાથી ડરૂં હું હું હુ રે.

૨૫

જા જા તું લુણ હરામી તેં કુડું કીધું કામી.
હું ભેદ ગયો છું પામી એ કાળાં કૃત્ય તણો.
માતપીતા ગુરૂ હણુતાં જે પાપ થાય ગાલણુતાં.
તે પાપતણો અધીકારી હું કૃત્ય કરૂં જો એ.
ચુપ ચુપ ચતુરાઇ તારી મેં નીરખી ધારી ધારી
ખાંતેથી લઇ ખુવારી, બેઠો બેભાન બની.
જો મન વચને કે કર્મે અનુસર્યો હોઉં અધર્મે,
તો શીદ જીવાડે શર્મે લાજી મરવાને ઇશ.
જનનીથી રમીઓ જારી તેં વાત ન જોઇ વિચારી,
પાપી મા કરતાં પ્યારી જીવ્યો કાં જગતમાં.

૨૬

શ્રીહરી શરણે તારે રાખી અતિશય દયા દૃષ્ટીથી દાખી
હાની સહુ હરજે (૨) કરૂણાળુ કરૂણા કરજે,
મુજને માન્ય સુકનથી મનમાં, સાથે જામી જવાલા તનમાં,
પ્રગટી પ્રૌઢ પ્રભુ (૨) વેગે દેજે વીદારી વીભુ

દારૂણુ દુખડું દેહી દમતું મનડું ભય ભઠ્ઠીમાં ભમતું
સમતું શુળ નહીં (૨) આપો આનંદ મુજ મન મહીં.

૨૭

ચીંતા ન કરરે ના ચીંત રહેરે
પ્રીયરે તું ધીર મન ધરરે—ચીંતા ન કરરે
નાથ નામ તણું નાવ બનાવી, દુઃખ સાગર તરરે
શ્યામ નામ ગણી શ્રેષ્ટ શુકનથી એમગ અનુસરરે

૨૮

વીસારી વીલંબને વિચરો ધીરા ધીર ધરી ધાઓ
જઇ હરજો હાની મહત્વ માની પાછી પાની કરશો નહીં મમ કંથ
પ્રીયા તારાં વચન પ્યારાં ગણું સારાં કરમ મારાં,
સુખકર છો દુઃખહર છો મુદભર છો ગુણધર છો.
ધીરધર છો વીરવર છો પરવરો પ્રીયપંથ.
જીવ જશે પણ જગત વિષે બહુ ગુણો ગાશે ગુણીજન ગાથે,
રંડાપો લઈને માથે રહું નહીં આવીશ સાથે,
સંગ સતી થઇ સરવ શ્રષ્ટીમાં અમર કરીશ મમ નામ,
વા તારી હામ (૨) વા તારી હામ (૩)

૨૯

અનુજપરે આવી બુધી આવી શી.
ભાવીને આવી વાતો થાવી ભાવી શી,
નીરમાં અગન ઝરી ગંગ નાતાં નવતરી,
સ્વર્ગ પામ્યો પાપી મરી મુશકથી મીની ડરી
એવી કૃતી અચાનક થાવી શી.

૩૦

ઓ ઇશ કરજે કરૂણા અમપર,
હરીને ભ્રાંતી કરીને શાંતી
ભાઇની કરજે જગમાં કાંતી.

३१

ધન્ય સુજનતા શુરવીર. ધરી ધીર કરી ભીડ નીજનીર
આપ્યું બતાવી અચાનક આવીને.
નયન નીરખે પદ પળે પંથકર ગ્રહણુ કરે ફળ જોઈ.
એ ત્રણુ સેવક સ્વામી વદનને અર્પણુ કરે એ નીયમ છે.
સ્વામી વદન એ ફળ ગ્રહી લહી સ્વાદ તજે નહીં નીજની ટેક,
સત્ય સુધા ત્રણુ સેવકને દીએ સ્વામી સેવકની કૃતી એક,
પય પાણી બેઉ સંગ મળે પય પાણીને પોતા પ્રમાણે કરે,
પાણી તણી પેખી જુઓ પ્રીત રીત તાવતાં પાણી પ્રથમ બળે

અંક ૨ જો.

૩૨

સારેગ રેગમ ગમપ.
ગપધની સાનીધપમ નીધપમ ગમપ ધપમગરેસા.
ગમપધની સારેગરે સાનીધ સાનીધ નીધપમ.
ગમપધ પધનીધપ પધપમગરે.
ધાતકીટ તકધીતા તીરકીટ તીરકીટધા. (૩)
તીરકીડધાધાધા (૩) તીરકીટધા (૩)

૩૩

એજ સાચો મિત્ર ગણાયે.
સ્વારથમાં નહીં લેશ વૃતિ, કરે હિત શુભ કરી કતિ;
આપે શીખ કટુ કહી અતિ.
એકજ રંગી સંપત વિપ-તે સહાય કરે જે સંકટ વખતે.

૩૪

વિશ્વના આધાર પ્રભુ શરણુ હું તમારે
દુઃખથી ભરી ઠરી ન ક્યાં જઇ કરૂં પુકાર.

મુને ન કાંઇ વિચાર પ્રભુ શરણુ હું તમારે.
તમ વીણુ કોણુ તારશે ભયથી કોણુ ઉગારશે.
(માટે) સઘળ્યો સંભાળ પ્રભુ શરણુ હું તમારે.

૩૫

વેગે વીઠલજીરે ધાજો દાસીના દુ:ખ હરવા
ભાવે રહી ભજીરે શ્રીહરી સંકટ સીંધુ તરવા.
વહાલાં હતાં તે વેરી બન્યાં છે શ્યે રહું ધારી ધીર
પુરણુ માસે પુત્ર ન પ્રસવ્યો સુકાય છે શરીર.
મહીયરમાં મારે માત તાત નથી નથી સહોદર ભ્રાત.
પતિ પણ પરણી પરવશ બનિયા વિચારી ઉરમાં વાત
મરવું મમ મન મીસરી માને જીવતાં ઝહેર જહાંન,
પોકારો આ પામર કેરા કરૂણાળુ ધરી કાન.

૩૬

રજુ ભ્રાંતીસેં સાપ દીખતા દિયા કરે જબ રજજુ દીખે
ભ્રાંતીસેં સબ જગત સત્ય હે અસત્ય હે જબ જ્ઞાન શીખે.
ગુંજ ઢેરસેં બનચ્યર તપતે ગુંજ નહીં પર ગીને ઇંગાર,
એસેં માયાસેં લીપટે સબ અસાર બસ્તુ ગીનતે સાર.
જ્યોં કોઇ ઝાંખી કૂપ અલાપત જાનત મન મેં કૂપ અલાપ
આપ કરત હે કહત ઓરકો આપ આપસેં ભૂલ્યો આપ.
ઘટ ઘટ વ્યાપક બાહીર દેખતે અંતર તમસેં બાહીર તમ,
એસેં બીત ગઇ સબ ઉમર ભ્રમ ફંદસેં મીલો ન બ્રહ્મ.

૩૭

માયા મોહીની રૂપ સદાબન ઠગની બન ઠગતી.
ઉસકે પાસેમેં આન પડે નર નહીં બનતી ભકિત.
જ્યોદિપક પ્રજવલીત બનકે બડા પ્રકાશ ફેલાતા,
દિપક બુઝા પ્રકાશ નહીં ફીર કજર નજર આતા.
ત્યોં માયા મોજ ભુગવાકે ભાગતી તૃષ્ણા ફીર બડતી,
સુરમા હોકે અપને મુખતે બડાઇ સબ કહતે,

સમર્થ હોકે સત સંગતમેં રહી મગન રહેતે;
લક્ષ્મી વાં નહીં મતી શુભ ગુણ યુકત નહીં નજર પડતી.

૩૮

ધીર ઉર ધારો દુઃખને વીસારો.
બાઇ અશરણ શરણ ધણી ધરણીનો કરશે સુખ સૌ ન હારો
ભાવી ભોગવવું સહુ જનને જાણો એ મનરે.
વારૂ વગે આપ પધારો,
આવ્યા અરીને સધેં વારો, સંદેશો મોકલજો સારો,
ફીકર ન કરશો પ્રભુપદ સ્મરજો;
અહીં રક્ષક છે ઇશ તમારો દુઃખને વિસારો.

૩૯

શ્રીહરી સત્વર સહાય કરજો અમ વીનતી ઉરેં ધરજો.
રૂડી મતી રાજાજીને દઇ કરો દુર પાજીને.
ગુણવાન તરફ ગાજીને હરદમ હાની હરી હરજો.
મારી બાઇની ગેચેની જગપતિ જાણો જેની,
તત્પર થઇ હરજો તેની સહુ શુભકાર્યો સદા સરજો.

૪૦

જવું હવે કો શરણ મરણ દોડી આવ્યું રે.
વીપતિ વાદળું વેગેથી વરસાવ્યું રે,
નદે નરસિંહજી ઠામે કોઇ ઠરવા ફરવાનું નહીં એનું જ દળ ફાવ્યુ રે.
ભીમજી ભાટકયો રાય પણ રઝળ્યો ન ધર્યું કાન તેણે કરગરી જે કાવ્યું રે
રાજને રોળવામાં મણા ન મેલી,
તે પાપના શાપ થકી તાપે તન તાવ્યુ રે,

૪૧

પરસ્પર પ્યાર પુરણ પાપ વિણ સદ મિત્રની રીતી.
સુખેં સુખીઆ દુઃખેં દુઃખીઆ ન લેણાદેણુમાં ભીતી.
દુરાવે દુરગુણો જનમાં પ્રસારે સગુણ સજજનમાં,
આવી નહિ રીત એ મનમાં એવા શઠ કાંકરે પ્રીતિ,

મળે મન એમ એકાકાર જેમ બીલોરમાં બુટા,
ભાજન ફુટતાં ફુટે ન ફુટ તે હૈયા ફુટા.

૪૨

માવા મહીની મટુકી મારી મેલને રે,
ધીમે ધીમે લઇ જાઉં મારી હેલનેરે,
માવા અમે મેવાશ રાજા કંસનારે;
દાણ નહીં દઇએરે ગોરસનાંરે.
દાણ લેવાની રીત નથી આવડીરે;
તું તો વનમાં સરાવ વેગે ગાવડીરે.
તારા ડાહાપણમાં કાના તું તો ડોલમાંરે;
દુરીજન દેખે કાનાં બોલમાંરે.
ગુરૂ ગાયે ગેમલ રથ ખેડશુંરે.
માવા મહીં પીવાને મોલે તેડશુંરે.

૪૩

આવો આવોરે ઇશ અબળાની વારેરે.
દિન પુકારેરે જાગી જુગજીવન આવોને.
પટકુળ પુર્યાંરે પ્રીતે પાંચાળી કેરાંરે,
નીરખે નમરાંરે નવસેં નવાણું દીધાં નાથજી.
નરહરી રૂપેરે તોરે હરણ્યાકંસ હણીઓરે,
પોતાનો ગણીઓરે પ્રલ્હાદ પક્ષે પધારીને.
ધાયા ધાયારે ધ્રુવજી અવીચળ કરવારે
આનંદ ભરવારે અપરમાએ છો ધિકારીયો.એમ આવોરે.

૪૪

નહીં નહીં નારાજ થા ગોવીંદના ગુણ ગા.
ઊતાર તો ભૂભાર આપી અસુરને શીર ઘા.
અવની માહે જાગી લાહે ઓલાવનારો એજ,
જેણે કીધાં ગગન વાયુ પાણી પૃથ્વી તેજ.

૪૫

તુજ અકલ ગતી છે ઇશ શીશનામું સ્નેહે.
દઈ અભય વસ્તુ આજ ઓલાવ્યો દાદેહેથી
શીર વૃધ્ધ પણાનો ભાર હતો.
ફીરતાર અતી તે અળગો કીધો આજ;
સાજદવ દેહેથી સુખવિશ્વપતિ.
જગનાથ અહી હાથ ગજ ગણી કા વાર કીધી
કરી પાપપારાવાર પાર સવરી સાર લીધી;
કહું કેટલાક મુખ દુઃખથી કઇક તાર્યા,
કરી ભકત તણીવાર માર અસુરોને માર્યા;
એમ આજ કરી મમકાજ રાજ પદ સફળ કર્યું.
દિનદાસતણો પ્રતિપાળ એજ પદ ઉર ધર્યું.

૪૬

પ્રભુ જે કરથી કર ધાર્યો વાલી અનુજનો,
પ્રભુ જે કરથી ગજ રાજ ઉગાર્યો.
જે કરથી પ્રભુ પાપી અજામીલ તાર્યો,
જે કરથી પ્રલ્હાદ હાથ ધરી થઇ નર હરી,
ક્રુર અસુર સંહાર્યો.
જે કરથી પ્રભુ ગ્વાલ બાળ બળતાં વન વહની નીવાર્યો,
તેમ ભકત વાત્સલ્ય વિચારી;
સહાય કરો ઝટ આવી અમારી;
તે કરથી પ્રભુ અમકર ધારી દુઃખ ઉદધીથી તારો.

૪૭

પોઢમારાં પેટડાંરે પાયણે પ્રીતે પોઢાડું.
હરખે હીંચોળું હાથ અઢીવટો માથે ઓઢાડું.
રેવા દીઓ મુંઝાઇ મરહે ઉલુલુલુ હાંહાંહાંઆ.
મોટો થઇ આવજેરે વાડમાં સોકરાના સાથમાં,

ગોળના ગાંગડા ખાઈ લઈ જા જે હાંઠા બે હાથમાં.
આધારીઓને ઉંધવા દો ઉલુલુલુ હાંહાંઆં.

૪૮

અકલગતી પ્રભુ તારી પાર ન પામું કરતી વિચારો.
વીષને અમૃત ગણીયું ભ્રાતે પીધું બની અવિચારી.
અંતે ગુમાવ્યું રાજ હાથથી રઝળ્યા રાને હારી.
હાય હવે જો મળે સહોદર બેઠું વહાલ વધારી:
શુભ કરજો વીભુ મુજ બાંધવનું યાચું એહ મોરારી.

૪૯

ત્રિલોકમાં તરકટ તારા સમ નહીં કોઈ તરણી ધડશેરે
મારા ઉરની અગ્ની હરણી, આંખ ઇસારે જગવશ કરણી.
ભવસાગરમાં તરવા તરણી. તુજવીણ કોઇ નહીં જડશેરે.
અરધી ગઇ પણ અરધી બાકી જો નહીં જાશું આપણ થાકી;
તું જગ કાકો હું જગ કાંકી, થાતાં કોઇ નહીં નડશેરે.
ઉતાવળે આ કરણી કરવા, દોડો ઉરની અગ્ની હરવા,
મરવાથી જો જાશો ડરવા તો પસ્તાવું પડશેરે.
રહીને આપણ જોડ જોડમાં, મચીએ નીશદિનતોડફોડમાં;
સંકટ સાથે સુંઇ સોડમાં. સહેજે શત્રુ સડશેરે

૫૦

રે મન ભ્રમરા દીવસ કઠણ આ સુખ દુ:ખ સહે શરીર,
આગળની સહુ વાત વિચારી શાને આણે નેત્ર નીર
નીત બાગ મહીં તું ફરતો ચુંમી ફુલો દિલ ખુશ કરતો,
તે કુસુમ તણો મકરંદ છતાં કાંપઠયો નકે તું બની અધીર;
વીતી તે દે તું વીસારી આગળ સુખને લેતું ધારી
જેવી હોય બજાર ભાવ ત્યાં તેવો કરીયે ધરી મન ધીર;

૫૧

વિચારી હું હારી પ્રભુ ફતી ન્યારી
નીતી નહીં ત્યાં ભરે છે ભંડાર.

નીતિ ત્યાં નીર્ધનપણાનો છે ભાર.
કસ્તુરી કાળી ભરી ખુબ વાશ,
કંચનમાં ખુશબો નહીં અમથી ઉજાસ.

પર

ચાલો ચાલો તરૂણી મળી સાથ બાળાને શણગારો.
શુભ મંગલ દીન છે આજ.
ઓઢણી ઓઢો રૂપાલી પેરો નથ આ મોતી વાળી.
લાવો એ તો હું મારે હાથે પેરીશ.
ગુંથો ફુલેથી વેણી વીશાલ.
કરે રૂડાં કંકન પેરો લાવો હાર આ ફુલ કેરો.
વાહ બા શોભે ઘણેરો જોઉં અલી કાચ લાવ જોઈ.
બન્યાં એની શાં રૂપે રસાલ.

પ૩

વારી વારી જાયે જોતાં હજારો હીમ કર હારી મુરતી પરવારી
રૂમ ઝુમ ચાલ સખી સંગ ચાલે પ્રીતિ રીતી પાળે મુદેદિન ગાળે.
સગુણ સુણી જતાં ઉર ત્યાં કંચન માળાની શીકારી.
એવી અલબેલી નિત્ય નિત્ય વેલી દેવ દરશનમાં સહુથી વહેલી.
એ આ ભુશણ અનુપમ અંતર તનપર પણ શણગારી સારી.

પ૪

અવિનાશી અકળ ગતી તારી મોટા મુનીઓ,
ધરી ધ્યાન ગયા હૈયે હારી અવીનાશી,
રાય રઝળતા રાને રાને રંક લહે સરદારી.
એક ઉદાસી એકને આનંદ એક પલકની કૃતી.
તુજ જોઉં જો વિચારી..

અંક ત્રીજો.

૫૫

પગલે પગલે પુસીને ભાઇને પાણીડા પાજે તું વાટમા.
વાળ એક વાંકો થાવા ન દેજે તું ભલે પડજે પાટમાં
સાબળો ઢાંકજે તડકો ન લાગે જાગે ન દુ.ખ હખ આપતાં,
હોપુ સું એવો હોપજે આવી લાગે ન ડાઘ જહ છાપતાં
એ બેહારી બાપાદીઓને બાળ ખાંધમાં.
માથું મુકીને આપીઠ ભાઇને વાટમાં ચાલતાં હખ.

૫૬

કરવું આ કામ મારે ઉરમાં ધારી હામ.
નિર્દોશીને ન્યાય અપાવું પાપીને શિક્ષા,
જુલમ જુલમ જુલમ અપાર પાપ ધામ નીચ નાર.
છે ધીંકાર હજાર હજાર ફટ તને ફિટકાર.

૫૭

જાહીર હું છું જાણો હરામી હણનારો.
માનેતા મોજ માણો નશા રંગ સંગ
મીઠું મધુનું પાણી પીતાં અમૃત જાણી લહેરાંને લાવે તાણી.
અહાહા અહાહા. પીતાં ઘટાક (૩)
ચાલો ચતુર નર સહુ ચેતીરે અવસર આવ્યો,
મુકો મનની વ્યાધી વેતીરે અવસર આવ્યો
હવે લડતાલાલો ઝટપટ ચાલો મોજું મહાલો,
સુરસિંહનું સાલ નીકાલો ધરી પરસ્પર પ્રીતીરે;

૫૮

કીધો અનીતિનો વાસ લોભીના ઊરમાંહી ઉપજી.
રાજ લોભ જુપર તેં.
પ્રપંચ પૂરણુ જગ પ્રસરાવ્યો કર્યો નીતિનો નાશ.
લાલચમાં લોભીજન ખેંચ્યા નાખી બહુ વીધ પાશ,

પિતા પૂત્ર કે બ્રાત બ્રાતને તુજ કારણુ કંકાસ.
કરતાં ખુન નવ ડરતા ન ધરતા જગકર્તાનો ત્રાસ.

૫૯

સારેની નીસાસા ગગ મમપ, સાની સાનીની ધપમ.
નીધપ મગરે સારે મપધ રેસારે. નીનીસાસા ગગમમપ.
ધર્મ ધજા ધારી-ધરણી પર અચલ રહો મહારાજ.
મુકત કર્યા બલી કર્ણુ દઇ મહીદાન મહીથી રાજ
સારે ગમ ગરેસા. ધપસા. સારે ગમ ગરેસા.
વિજય વિજય વિજય વિજય
જગમાં વિજય જય.
ધપ મગરે સારે નીનીસાસા ગગમમપ

૬૦

ભજવ્યો ભગવો ભેખ સ્વામીના સંકટમાં સાથે,
હવે ગ્રહીલ્યો હાથ નાથ કરિ કરૂણા અમ માથે;
નિગમા ગમકે એમ અનાદી સત્યતણુા સાથી,
એજ બિરદને પાળી ટાળી દુ:ખ દુર કરો આથી.

૬૧

સુખ દુ:ખ સાથી મંત્રી અમારા,
શુભ ગુણસાગર છો ધર છો;
સ્નેહ સુધા ના વસુધામાં.
છે ધિ:ક તે નોકરને સ્વામી, આફતમાં નહીં આવે કામ,
તેથી અધિક ધિ:ક તે સ્વામીને, સેવક દુ:ખમાં લે આરામ.
નીતિ શાસ્ત્ર નીત એમ વદે છે, તે ધાર્યા ચિન્તે ધારા.

૬૨

રસિયાજી રાખા સંગ રમવા આવો,
બાવે ભેટી ભામનીને ભમાવો, રસીયાજી આવો
પ્રેમસર કર ધરી નટવર, અબળાને અજમાવો,
રતી પતિ વશ થઇ વૃતિને શાણા શીદ લલચાવો,

પલ પલ પ્યારા પ્રેમથી હું જપતી આઠે જામ,
નાહોલીઓ નિર્દય નહી થાશે એમ અંતરમાં હામ;
દિસો ગુણુવાન તમે મુજ પ્રાણુ
ભોગી જોગી થઇ ભામા ભમાવો.

૬૩

આફત આવવી હશે શી આજ આ અણુભાગી ઉપરે
શું કોઇ શત્રુ શીર સમશેરે પાડશે પલમાં પશુની પેરે.
નકી કર્યું શું નાશ નમેરે કરવા કોઇ નરે.
કે કો ઇશ ઉપાધી આપશે જીવન દોરી એજ કાપશે,
ત્રીવિધી તાપ તણી ત્રય તેગો ને ધરી શીરે.

૬૪

પંથિક પ્રાણ હરી ગયો કરી ભૂ જલ ભાનું રીતરે
ભુજલ ભાનું રીતે હરી એ ગયો પૂરણ પ્રીતરે.
આંખડીને ઇસારે હર્યા આશમાની ઇન્તરેરી;
હર્યાં ખરાં હાથ ન ધર્યાં એટલી એ અનીતિરે
ચપટી વડે ચેટક કરીયું પુરેપુરું પારખુંરે;
ન્યુનતા નીરખી નજરે નકી હરીને હડસેલ્યા ખચીતરે.

૬૫

નયને નીહાળીરે આપને. થાપી મધુરી મુરત ઉર માહીં
બાણુાસુર બાળા છકીરે જોઇ છબી અનિરૂધ,
તેમજ જોતાં આપનેરે ગઇ તનમનની શુધ્ધ,
વન વીચાર મન માનસર ત્યાં પ્રીતરૂપ બહુ નીર,
સુખ મુકતાને વીરહ હંસ થૈ ચુગે બની બિણુ ધીર.

તમ વીણુ કાન ન સાંભળેરે અન્ય તણી કંઇ વાત.
આરસના રસ વશથૈ જપતી નામ નવલ વિખ્યાત.

૬૬

સખી છળ કરી છુપાવ કાં વાતડીજો, નહીં છુપી રહે ક્ષણું વારજો,
રવી અસ્ત થતાં ઓળખાય રાતડીજો.
થતાં ઉદય સૌ કહે સવારજો, અતા અણુમણી નથા અલબેલડીજો.
સખી કોડીલો કામણુ કરી ગયો,
કરી પ્રીત રીત પ્રાણુને હરી ગયો;
ભાવી ભૂવનમાં ભાવ ભરી ગયો,
વેગે કરને વાલી મારી વારજો

૬૭

રહી રદયમાં રમણી રમી રહી રદયમાં રમણી.
કદી નહીં વીસરૂં હું તારી તનમનને હરનાર આકૃતી.
રતીથા અધિક રૂપે રતી રતી સમ થઇ
ગઇ નીજ પીયુના પાસ લજાઇ,
તેથી ધરી શરસ્મર આ આવ્યો,
લઇ સેના નીજ સાથ ઘણી.

૬૮

રંગ જામ્યોરે આજ જુવતી જડી.
પ્રેમ પામ્યોરે વિરહ વેદના ટળી,
વહાલા આવોરે ઘાટ ચોંપથા ઘડી;
અજાણુપણાના અનેક દોશો માનેતા મન માંહી ન લેશો,
ક્રુર વચન કેશર નહીં કહેશો ભુલ્યા ત્યાંથી ફરીને ગણુશો.
રસિલા રંગ અહાહા છબિલી સંગ અહાહા.

જમાવું જંગ અહાહા ધરી ઉમંગ અહાહા,

૬૯

આ ઉરમળવા વેગે ચાહે.
એ રતી પતિ સમ સુંદર વરને.
સદા વરૂં કરમાં કર દઇને. અન્ય નથી પરવા.
બાળા ધીર ઉરે ધર તું, યોગ્ય પતિ તુજ દેશે ઇશ્વર.
થા નાં છેક અજાણુ, બાળા ધીર ઉર ધર તું.
થા નહીં પીવા પ્રેમ સુધા બહુ આતુર.
ચતુર સુજાણુ. બાળા ધીર ઉરે ધર તું.

૭૦

ચતુર સુજાણુ ના તલ પાવો,
આવો આવો આવો આવો.
બની અજાણુ ના ભરમાવો,
જાઓ જાઓ નહીં શરમાવો.
લ્યો પધારો નહીં નહીં એ મારાથી
અનીતિ નહીં થાય
જાણી જાણી એ તો તમનિત,
અરે આતે કેવી જાણું રીત;
આમ શું કઠોર થાઓ આવો (૪)

૭૧

મંગલ દિવસ કીધો વિભૂએ આજનો
વાહ વાહ વાહ વાહ.
આપીએ ઇચ્છિત ફલ સહુને
પોચાડી દુઃખને પાર વાહ,

સત્ય સહુસ્થલ પામીયે વિજય,
અસત્યનો જગ કદી નહીં જય;
બોધ લહો જન સાર.

૭૩

જલ સ્થલ વ્યાપક. પરબ્રહ્મ જયજય,
ઉપકારીરે સૌ પ્રભુ તારાં
આવ્યાં શીર તે વિઘ્ન વિદાર્યાં
નિત્ય અનીતથી રાખી દુર
સુનીત જગતુ આપ તું કાપી દુઃખને,
શરણે રહીને સ્મરીએ તમને,
તારી અકલ સકલ ગત.

